

P.07

ક્રિશ ૪માં પ્રીતિ ઝિન્ટા અને રેખા ફરી ભૂમિકા ભજવશે : ફિલ્મ નિર્માતા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

અંજિની ધવને ભત્રીજાવાદ પર ઇબ્રાહિમ-ખુશીનો બચાવ કર્યો, વરુણ ધવન વિશે વાત કરી



તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૨૩૭ | વિક્રમ સંવત ૨૦૮૧ : ચૈત્ર સુદ ૧૫ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 237 • Dt.12-04-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


નાઈટક્લબની છત ધરાશાયી થવાથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૮૪ લોકોના મોત



07

12 APRIL- 2025 SATURDAY



07

પાકિસ્તાન દૂતાવાસનું વીજળી બિલ પણ ચૂકવી શકતું નથી અફઘાનિસ્તાને નોટિસ






**૫૦થી વધુ મિલકતધારકોને નોટિસ બજાવવામાં આવી**

**ઉનાળાની ઋતુ શરૂ થતા એસી સહિતના વીજળીના ઉપકરણોના વધતા ઉપયોગના પગલે ઈલેક્ટ્રિકનો વપરાશ વધી ગયો છે | જેથી ઘણીવાર ઈલેક્ટ્રિક લોડના કારણે છાશવારે આગ લાગવાની ઘટનાઓ બનતી રહે છે | શહેરમાં છેલ્લા કેટલાક દિવસોમાં ડીપી તથા અન્ય જગ્યાએ આગ લાગવાના સંખ્યાબંધ બનાવ બન્યા**

# વડોદરામાં ફાયર બ્રિગેડ દ્વારા ૩૦૦થી વધુ હાયરાઇઝ બિલ્ડીંગમાં ચેકિંગ

**ફાયર બ્રિગેડમાં આગની ઘટના અંગે એક બેઠક મળી હતી | આગામી દિવસોમાં આ અંગે શું પગલાં લઈ શકાય? તે અંગે ઉચ્ચ અધિકારીઓ વચ્ચે તેમાં ચર્ચા થઈ હતી**

| પ્રતિનિધિ, વડોદરા, તા.૧૧ |

ઉનાળાની ઋતુમાં ઈલેક્ટ્રીક લોડના કારણે આગની ઘટનાઓમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે ફાયર બ્રિગેડમાં મળેલી બેઠકમાં આગના બનાવો અંગે એક્શન પ્લાન બનાવવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી. જે અંગે ચીફ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, આગની બનતી ઘટનાઓના મામલે ૩૦૦થી વધુ હાયરાઈઝ બિલ્ડિંગમાં ચેકિંગ કર્યું છે અને ૫૦થી વધુ મિલકતધારકોને નોટિસ બજાવવામાં આવી છે. ઉનાળાની ઋતુ શરૂ થતા એસી સહિતના વીજળીના ઉપકરણોના વધતા ઉપયોગના પગલે ઈલેક્ટ્રિકનો વપરાશ વધી ગયો છે. જેથી ઘણીવાર ઈલેક્ટ્રિક લોડના કારણે છાશવારે આગ લાગવાની ઘટનાઓ બનતી રહે છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોમાં ડીપી તથા અન્ય જગ્યાએ આગ લાગવાના સંખ્યાબંધ બનાવ બન્યા છે. આજે ફાયર બ્રિગેડમાં આગની ઘટના અંગે એક બેઠક મળી હતી. જેમાં આગામી દિવસોમાં આ અંગે શું પગલાં લઈ શકાય? તે અંગે ઉચ્ચ અધિકારીઓ વચ્ચે તેમાં ચર્ચા થઈ હતી.

**સયાજી હોસ્પિટલના રેસીડેન્સ બિલ્ડિંગમાં ફાયર એનઓસી એક્સપાયર થઈ ગઈ હોવાથી નોટિસ**



ચીફ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, વડોદરામાં જે હાઇરાઇઝ બિલ્ડિંગમાં છે તેમાં ૩૦૦થી વધુ બિલ્ડીંગો ખાતે ફાયર બ્રિગેડ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું છે અને જરૂરી તકેદારી ન લેવાય હોય તેવી ૫૦થી વધુ બિલ્ડીંગોને નોટિસ બચાવવામાં આવી છે. નોટિસ એસએસજી હોસ્પિટલના રેસીડન્ટ બિલ્ડીંગ, સરદાર સરોવરની મિલકત સહિતના મિલકતનો સમાવેશ થાય છે. સયાજી હોસ્પિટલના રેસીડેન્સ બિલ્ડિંગમાં ફાયર એનઓસી એક્સપાયર થઈ ગઈ હોવાથી નોટિસ બજાવવામાં આવી છે. ત્યારે એસએસજીના સત્તાધીશો દ્વારા આ અંગે એનઓસીની જરૂરી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી દેવામાં આવશે તેમ ફાયર બ્રિગેડને આશ્વાસન આપવામાં આવ્યું છે.

**છેલ્લા એક મહિનાથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરી રહેલા**

# વ્યાયામ શિક્ષકો સામે રાજ્ય પોલીસની નવી રણનીતિ | અટકાયત કરી સીધા ઘરે મોકલ્યા

**કેટલાક ઉમેદવારોએ તો જાહેરમાં સ્પષ્ટ કર્યું છે કે પોલીસ અમને જેટલી વાર ઘરે મોકલશે, તેટલી વાર અમે ગાંધીનગર પાછા ફરશું**

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૧ |

કાયમી વ્યાયામ શિક્ષક તરીકે નિમણૂક કરવાની માંગ સાથે છેલ્લા એક મહિનાથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરી રહેલા ઉમેદવારો સામે પોલીસ દ્વારા હવે નવી રણનીતિ અપનાવાઈ હોવાનું બહાર આવ્યું છે. ઉમેદવારોના આક્ષેપ પ્રમાણે, હવે તેમની અટકાયત કર્યા બાદ તેમને તેમના વતન મોકલી દેવામાં આવે છે અને સાથે સાથે ફરી ગાંધીનગર ન આવવાની કડક સૂચનાઓ પણ આપવામાં આવે છે.ઉમેદવારોના મતે, બળપૂર્વક અટકાયત કરીને રાત્રે છોડી મૂકવાની પ્રક્રિયા હવે બદલાઈ ગઈ છે. અગાઉ સાંજે કે રાત્રે ગાંધીનગરના નજીકના વિસ્તારોએ છોડી મુકાતા હતા, પરંતુ હવે ઉમેદવાર જેને જે જિલ્લાનો છે તેને તેની જિલ્લા પોલીસના સહયોગથી સીધા ઘરે જ મોકલી દેવામાં આવે છે. મહિસાગર સહિતના જિલ્લાઓના કેટલાક ઉમેદવારો સાથે એવો જ બનાવ બન્યો હોવાનો તેઓનો દાવો છે.કાયમી ભરતીની માંગણી કરી રહેલા આ ઉમેદવારોએ રાજ્યભરની ગ્રાન્ટેડ તેમજ સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ખેલ અભિરુચિ કસોટી પાસ કર્યા બાદ પણ ફક્ત કરાર આધારિત 'ખેલ સહાયક' તરીકે નિમણૂક આપવામાં આવી રહી છે તે વિરોધમાં આંદોલન શરૂ કર્યું છે. ઉમેદવારોનું કહેવું છે કે જ્યારે તેઓ દ્વિસ્તરીય કસોટી પાસ કરે છે, ત્યારે તેમને કાયમી વ્યાયામ શિક્ષક તરીકે નિમણૂક મળવી જોઈએ.



પોલીસ દ્વારા આંદોલનકર્તાઓ વિરુદ્ધ ત્રીજા તબક્કાની રણનીતિ અમલમાં મુકાઈ છે,. જેમાં તેમની રાહમાં અટકાયત કરીને સીધા વતન મોકલી દેવાઈ રહ્યા છે. આ પ્રકારની કાર્યવાહીથી ઉમેદવારોમાં સરકાર સામે અસંતોષ વધી રહ્યો છે, તેમ છતાં તેઓ આંદોલન ચાલુ રાખવાના મૂડમાં છે. કેટલાક ઉમેદવારોએ તો જાહેરમાં સ્પષ્ટ કર્યું છે કે "પોલીસ અમને જેટલી વાર ઘરે મોકલશે, તેટલી વાર અમે ગાંધીનગર પાછા ફરશું."આંદોલનકારીઓના મતે, આ નવી પદ્ધતિથી સરકાર વ્યાયામ શિક્ષકોની માંગણીઓને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. જોકે, ઉમેદવારોમાં ધીમીશક્તિથી પણ આંદોલન ચાલુ રાખવાની સ્પષ્ટતા સાથે આ મુદ્દે હવે સરકારનું આગામી પગલું અને પોલીસની વધુ સ્ટ્રેટેજી શું હશે એ જોવું રસપ્રદ રહેશે. કાયમી વ્યાયામ શિક્ષક તરીકે નિમણૂક કરવાની માંગ સાથે છેલ્લા એક મહિનાથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરી રહેલા ઉમેદવારો સામે પોલીસ દ્વારા હવે નવી રણનીતિ અપનાવાઈ હોવાનું બહાર આવ્યું છે. ઉમેદવારોના આક્ષેપ પ્રમાણે, હવે તેમની અટકાયત કર્યા બાદ તેમને તેમના વતન મોકલી દેવામાં આવે છે અને સાથે સાથે ફરી ગાંધીનગર ન આવવાની કડક સૂચનાઓ પણ આપવામાં આવે છે.ઉમેદવારોના મતે, બળપૂર્વક અટકાયત કરીને રાત્રે છોડી મૂકવાની પ્રક્રિયા હવે બદલાઈ ગઈ છે. અગાઉ સાંજે કે રાત્રે ગાંધીનગરના નજીકના વિસ્તારોએ છોડી મુકાતા હતા, પરંતુ હવે ઉમેદવાર જેને જે જિલ્લાનો છે તેને તેની જિલ્લા પોલીસના સહયોગથી સીધા ઘરે જ મોકલી દેવામાં આવે છે. મહિસાગર સહિતના જિલ્લાઓના કેટલાક ઉમેદવારો સાથે એવો જ બનાવ બન્યો હોવાનો તેઓનો દાવો છે.કાયમી ભરતીની માંગણી કરી રહેલા આ ઉમેદવારોએ રાજ્યભરની ગ્રાન્ટેડ તેમજ સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ખેલ અભિરુચિ કસોટી પાસ કર્યા બાદ પણ ફક્ત કરાર આધારિત 'ખેલ સહાયક' તરીકે નિમણૂક આપવામાં આવી રહી છે તે વિરોધમાં આંદોલન શરૂ કર્યું છે. ઉમેદવારોનું કહેવું છે કે જ્યારે તેઓ દ્વિસ્તરીય કસોટી પાસ કરે છે, ત્યારે તેમને કાયમી વ્યાયામ શિક્ષક તરીકે નિમણૂક મળવી જોઈએ.

**દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે બનાવટી ચલણી નોટોનો જથ્થો ઝડપ્યો**

# દાહોદમાં બનાવટી નોટોનો જથ્થા સાથે ૫ આરોપીઓ સકંજામાં

**દાહોદ એલસીબી અને એસઓજી પોલીસે સંયુક્ત કાર્યવાહીમાં ફતેપુરા તાલુકાના લીમડિયા ગામમાં નકલી નોટ છાપતી ગેંગનો પર્દાફાશ**

| પ્રતિનિધિ, દાહોદ, તા.૧૧ |

દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે બનાવટી ચલણી નોટોનો જથ્થો ઝડપી ૫ આરોપીઓને સકંજામાં લીધા છે. પાંચેય આરોપીઓના લોકલ ક્રાઈમ બ્રાન્ચે ૭ દિવસનાં રિમાન્ડ મેળવ્યા છે.દાહોદ એલસીબી અને એસઓજી પોલીસે સંયુક્ત કાર્યવાહીમાં ફતેપુરા તાલુકાના લીમડિયા ગામમાં નકલી નોટ છાપતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. દાહોદ પોલીસને નકલી ચલણી નોટોના રેકેટનો પર્દાફાશ કરવામાં સફળતા મળી છે,એલસીબી અને એસઓજી ટીમે ફરિયાદ નોંધ્યા બાદ ફતેપુરા તાલુકાના લીમડિયા ગામના એક દંપતી સહિત એક વ્યક્તિની ધરપકડ કરી હતી. બાદમાં અન્ય આરોપીઓને પણ શોધી કાઢવામાં આવ્યા છે. તેમની પાસેથી ૨૧,૦૦૦ રૂપિયાની નકલી ભારતીય ચલણી નોટો અને નકલી નોટો છાપવા માટે વપરાતા પ્રિન્ટર-લેપટોપ જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસે આરોપી દંપતીને કોર્ટમાં રજૂ કર્યા અને કોર્ટે તેમને ૭ દિવસના રિમાન્ડ પર લીધા છે. આ કેસમાં પોલીસે દંપતી સહિત કુલ ૫ આરોપીઓની ધરપકડ કરી છે.લીમડીયા ગામે માંડલી ફળિયામાં રહેતા અશ્વિનાબેન કાનજીભાઈ ગરાસીયા અને કાનજીભાઈ ખુમાભાઈ ગરાસીયાના ઘરે પોલીસે દરોડો પાડયો હતો. ઘરમાંથી એક લેપટોપ, બે પ્રિન્ટર, સુરક્ષા દોરો અને નકલી નોટો છાપવા માટેનો કાગળ મળી આવ્યો હતો.



**આરોપી દંપતીને કોર્ટમાં રજૂ કર્યા અને કોર્ટે તેમને ૭ દિવસના રિમાન્ડ પર લીધા**

તપાસમાં જાણવા મળ્યું કે મુકેશભાઈ કામોળ, રાકેશભાઈ પારગી, હુસૈન પીરા અને અન્ય એક વ્યક્તિ પણ આ રેકેટમાં સામેલ હોવાનું ખુલ્યું છે. આરોપી પાસે આઠ રાજ્યોમાં નકલી નોટો ફેલાવવાનું નેટવર્ક ધરાવતા હતા. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં પણ આ નકલી નોટો ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પોલીસે ૫ આરોપીઓની ધરપકડ કરી છે. દાહોદ એલસીબીએ આ મામલે ગુનો નોંધ્યો છે અને કોર્ટમાંથી ૭ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે બનાવટી ચલણી નોટોનો જથ્થો ઝડપી ૫ આરોપીઓને સકંજામાં લીધા છે. પાંચેય આરોપીઓના લોકલ ક્રાઈમ બ્રાન્ચે ૭ દિવસનાં રિમાન્ડ મેળવ્યા છે.દાહોદ એલસીબી અને એસઓજી પોલીસે સંયુક્ત કાર્યવાહીમાં ફતેપુરા તાલુકાના લીમડિયા ગામમાં નકલી નોટ છાપતી ગેંગનો પર્દાફાશ કર્યો છે.

## બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ કરી ઈંટ વડે તેની હત્યા કરનારા શખ્સને પોલીસે ઝડપી લીધો

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ |

બિસ્કિટની લાલચ આપીને સાત વર્ષની બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ કરી ઈંટ વડે તેની હત્યા કરનારા શખ્સને પોલીસે ઝડપી લીધો છે. કરપીણ હત્યા કરનાર આરોપી ને જિલ્લા પોલીસની વિવિધ ૬૦ ઉપરાંત લોકોની ટીમે ઝડપી પાડ્યો હતો.


ઓછું સાંભળવું ક્યાંક તમને તમારા પરિવારથી દૂર ન કરી દે. બહેરાશને અવગણશો નહિં....



નવા અદ્યતન ડીજીટલ હીયરીંગ એઈડ યોગ્ય સલાહ લઈ હીયરીંગ એઈડ (કાનનું મશીન) અપનાવો.

- ઓડીયોલોજીસ્ટ દ્વારા હીયરીંગ ટેસ્ટીંગ અને હીયરીંગ એઈડ પ્રીસ્ક્રીપ્સન
- ડીજીટલ હીયરીંગ મશીન્સ
- સરકારી કર્મચારી પેન્સનરોને રૂા.50,000/- સુધીના કાનના મશીનનું રીએમ્બેસમેન્ટ થઈ શકે છે.
- હીયરીંગ એઈડ ફક્ત રૂા.10,000/- થી શરૂ
- રીચાર્જેબલ હીયરીંગ એઈડ રૂા.24,000/- થી શરૂ



એપોઈન્ટમેન્ટ લઈને આવવું જરૂરી. સંપર્ક : 079-26765186, 9327901950

સહારા સ્પીચ એન્ડ હીયરીંગ ક્લિનીક

૩૦૧, કડકિયા હાઉસ, અંકુર ચાર રસ્તા, અંકુર બસ સ્ટોપ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩.

શોપ નં.૩-૪, જ્યોતિ પ્લાઝા, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫

દુકાન નં. ૧૦, પહેલો માળ, શ્રી ઉમિયા માતા કોમ્પલેક્ષ, ઊંઝા બસ ડેપો અંદર, ઊંઝા. M.: +91 7486035104, 9265615021


**મેટ્રો ટ્રેનમાં મુસાફરોની સંખ્યામાં વધારો**

**મેટ્રોને ૨૫ માર્ચના દિવસે ૨૧.૧૯ લાખની આવક | તો ૨૯ માર્ચના ૨૬.૫૭ લાખ | ૯ એપ્રિલના ૨૩.૫૬ લાખની આવક**

# આઇપીએલની ૩ મેચમાં જ મેટ્રો ટ્રેનમાં ૬૨ હજાર મુસાફરોએ સવારી કરી

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૧ |

આઈપીએલના કારણે અમદાવાદની મેટ્રો ટ્રેનમાં મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. ૩ મેચમાં જ મેટ્રો ટ્રેનમાં ૬૨ હજાર મુસાફરોએ સવારી કરી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સામાન્ય દિવસ કરતા ૬૨ હજાર વધુ મુસાફરોએ મુસાફરી કરી છે. મેટ્રોને ૨૫ માર્ચના દિવસે ૨૧.૧૯ લાખની આવક થઈ છે, તો ૨૯ માર્ચના ૨૬.૫૭ લાખ, ૯ એપ્રિલના ૨૩.૫૬ લાખની આવક થઈ છે.સામાન્ય દિવસ કરતા આઈપીએલ મેચના કારણે અમદાવાદ મેટ્રોની આવકમાં ૨ ગણો



વધારો થયો છે. અત્રે જણાવીએ કે, મેચને લઈ મેટ્રોના સમયમાં ફેરફાર કરી સમય લંબાવવામાં પણ આવ્યો હતો. ત્યારે અમદાવાદ મેટ્રોને આઈપીએલની મેચો ફળી છે.અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે તારીખ ૨૫ માર્ચ ૨૦૨૫, ૨૯ માર્ચ ૨૦૨૫, ૯ એપ્રિલ ૨૦૨૫, ૨ મે ૨૦૨૫ અને ૧૪ મે ૨૦૨૫ના રોજ આઈપીએલ ૨૦૨૫ની ડે-નાઈટ મેચોને લઈને પ્ઈઝએ અમદાવાદ મેટ્રો ટ્રેન સેવા સવારના છ વાગ્યાથી રાત્રિના ૧૨.૩૦ વાગ્યા સુધીનો કરી છે. હાલમાં આ સેવા સવારના ૬.૨૦ થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી છે, પરંતુ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનારી મેચોને ધ્યાનમાં લઈ સમય સવારના ૬ થી રાત્રિના ૧૨.૩૦ સુધીનો કરવામાં આવ્યો છે.સ્પેશિયલ પેપર ટિકિટનું ભાડુ પ્રતિ વ્યક્તિ ૫૦ રૂપિયા છે જેનો ઉપયોગ લંબાવેલા સમય દરમ્યાન મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ મેટ્રોની બન્ને લાઈન પરના કોઈપણ કાર્યરત સ્ટેશન સુધીની મુસાફરી માટે થઈ શકશે. રાત્રિના ૧૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર સ્પેશિયલ ટીકીટ માન્ય રહેશે. આઈપીએલના કારણે અમદાવાદની મેટ્રો ટ્રેનમાં મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. ૩ મેચમાં જ મેટ્રો ટ્રેનમાં ૬૨ હજાર મુસાફરોએ સવારી કરી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સામાન્ય દિવસ કરતા ૬૨ હજાર વધુ મુસાફરોએ મુસાફરી કરી છે.

### સુરતમાં ૧૧૮ રત્નકલાકર ને મારી નાખવાનો પ્રયાસ

## અસામાજિક તત્વએ ફિલ્ટર પ્લાન્ટમાં સલ્ફોસ નાખી દીધુ હોવાનું બહાર આવ્યું

**સુરત કલેક્ટર અને મ્યુ. કમિશનર દ્વારા રિપોર્ટ બનાવાયો, સમગ્ર મામલે રાજ્ય સરકારને રિપોર્ટ કરવામાં આવ્યો**

। પ્રતિનિધિ, સુરત, તા.૧૧ ।

સુરતમાં ૧૧૮ રત્ન કલાકારોને મારી નાંખવાનો પ્રયાસ થતા ચકચાર મચી છે. આ અંગે સુરત કલેક્ટર અને મ્યુ. કમિશનર દ્વારા રિપોર્ટ બનાવાયો છે. સમગ્ર મામલે રાજ્ય સરકારને રિપોર્ટ કરવામાં આવ્યો છે. સુરતના કાપોદ્રા વિસ્તારમાં બનેલી આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. તે સિવાય રાજ્ય સરકારનાં હેલ્થ મિનિસ્ટ્રી દ્વારા રિપોર્ટ મંગાવાયો છે. આ સમગ્ર ઘટના અંગે તાત્કાલિક ધોરણે રિપોર્ટ માંગવામાં આવ્યો છે.જેમાં એસએમસી કમિશનર અને કલેક્ટર દ્વારા સમગ્ર ઘટનામાં રાજ્ય સરકારને રિપોર્ટ કરવામાં આવ્યો છે. ઝેરી પાવડર કયા કારણોસર પીવાના પાણીની ટાંકીમાં નાખવામાં આવ્યો? તેની તપાસ કરવામાં આવી રહી છે. બીજી તરફ સમગ્ર રિપોર્ટ રાજ્ય સરકારને આપવામા આવ્યોઆગામી દિવસોમાં સઘન તપાસ સાથે કાર્યવાહી થાય તેવી શક્યતા સેવાઈ રહી છે.પોલીસ અને એફએસએલના અનુસંધાનમાં ખુલાસો થયો છે કે કૂલરમાં સેલ્ફોસ નામનું ઝેરી પદાર્થ મળ્યું છે. આ પદાર્થનું પાઉચ કોઈએ ખાસ રીતે કૂલરમાં નાખ્યું હતું. જો કે પાઉચનું અંદરનું પેકેટ ખુલ્યું ન હોવાથી ઝેરી અસરની તીવ્રતા ઓછી રહી અને મોટી જાનહાનિ ટળી. મામલાની ગંભીરતા જોતા મુખ્યમંત્રી



ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક ઘટનાની તમામ માહિતી મેળવી હતી. તેમના આદેશ બાદ રાજ્યના શિક્ષણપ્રધાન પ્રફુલ પાનસેરિયા સુરત પહોંચ્યા હતા. તેમણે જાતે જ હોસ્પિટલની મુલાકાત લઈને અસરગ્રસ્ત કલાકારોની ખબર લઈ અને મુખ્યમંત્રીને સ્થિતિની જાણકારી આપી.આ બનાવમાં બે દર્દી આઈસીયુમાં સારવાર હેઠળ છે.

અસામાજિક તત્વએ ફિલ્ટર પ્લાન્ટમાં સલ્ફોસ નાખી દીધુ હોવાનું બહાર આવ્યું છે.પોલીસ અને આરોગ્ય વિભાગની તપાસમાં આ ઘટસ્ફોટ થયો છે. જેને પગલે જીસ્ઝના કમિશનર અને આરોગ્ય તંત્ર દોડતું થયું છે.સુરતના મેયર પણ હોસ્પિટલ પોહ્ચ્યા તથા શિક્ષણ મંત્રી પ્રફુલ પાન્સેરીયા પણ હોસ્પિટલ પોહ્ચ્યા છે. કારખાનામાં ૧૨૦ જેટલા રત્નકલાકાર કામ કરતા હતા.૧૧૮ રત્નકલાકારને પાણી પીધા બાદ ઝેરની અસર થઈ હતી.પીવાના પાણીના ફિલ્ટર પ્લાન્ટમાં સેલ્ફોસ નામની દાવા નાખી હતી.ઝેરી દવા કોણે અને કેમ નાખી તે એક સવાલ છે?

### ઓનલાઈન ગેમિંગના રવાડે ચડેલા ૧૭ વર્ષના છોકરાનો રૂપિયા હારી જતા આપઘાત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

કોઈપણ વ્યસન લાંબે ગાળે નુકશાનકારક હોય છે. વ્યસન માત્ર દારૂ, પાન મસાલા, ગુટખા કે સિગારેટનું જોખમી નથી હોતુ, પરંતુ કોઈ પણ વસ્તુ જે આપણા માટે હાનિકારક બની શકે તેનું વ્યસન જોખમી છે, આવું જ એક વ્યસન એટલે કે લત સગીર યુવક માટે જીવલેણ બની છે, ટેક્નોલોજીનાં યુગમાં ઓનલાઈન ગેમિંગ એક યંગસ્ટરો માટે આકર્ષણનું મોટુ કેન્દ્ર બની ગયું છે, એક સગીર ઓનલાઈન ગેમિંગમાં રૂપિયા હારી ગયો હતો.બાદમાં જે થયું તે જાણી તમે ચોંકી જશોપમી એપ્રિલે રાતનાં ૧૧ વાગે એક ૧૭ વર્ષનાં સગીરે અમદાવાદની વી.એસ હોસ્પિટલની બાજુમાં આવેલા મહેતા કોમ્પલેક્ષનાં પાંચમા માળેથી ઝંપલાવી આપઘાત કર્યો હતો.

### જામનગરમાં એલસીબીના હાથે પાંચ જુગારીઓ પકડાયા

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૧ ।

જામનગર નજીક બેડી ગરીબનગર વિસ્તારમાં કેટલાક શખ્સો એકત્ર થઈને ગંજીપ ાના વડે જુગાર રમી રહ્યા છે, તેવી ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડી ગંજીપાના વડે જુગાર રમી રહેલા પાંચ જુગારીઓની અટકાયત કરી લીધી છે, અને તેઓ પાસેથી રૂપિયા ૨.૨૧ લાખની માલમતા કબજે કરી છે. જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બેડી વિસ્તારમાં જુગાર અંગે દરોડો પાડી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા એહમદ વલીમામદ ગજ્જણ, બસીર હુસેનભાઈ ગજ્જણ, નિઝામ રસીદભાઈ ચંગડા, નવાજ કાસમભાઈ તેમજ નાઝીર રજાકભાઈ માણેક વગેરેની અટકાયત કરી લીધી છે, અને તેઓ પાસેથી રૂપિયા ૯૬,૦૦૦ ની રોકડ રકમ, પાંચ નંગ મોબાઈલ ફોન, અને બે બાઈક સહિત કુલ ૨,૨૧,૦૦૦ની માલમતા કબજે કરી લીધી છે.

### વડોદરામાં રૂ.૫ લાખની રોકડ-સોનાની ચોરી કરનાર મહિલા સહિત બેની ધરપકડ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૧ ।

બાળકો અને માતા-પિતાની સારસંભાળ માટે ઘરમાં કેરટેકર રાખનારાને ચેતવણીરૂપ ઘટના સામે આવી છે. ગુજરાતના વડોદરામાં એક પરિવારે પોતાના ઘરમાં રાખેલા કેરટેકર ઘરમાંથી ૫૦ હજાર રોકડા સહિત સોના-ચાંદીના દાગીના ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના મામલે પરિવારને જાણ થતાં કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મહિલા સહિત બે શખ્સની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરાના ડભોઇ વાઘોડિયા રિંગરોડ પર તીર્થક ટેનામેન્ટમાં રોશનભાઈ નામના વેપ ારીએ તેના સાસુ માટે કેરટેકર રાખ્યા હતા. પોલીસ ફરિયાદ મુજબ, ગત ૮ એપ્રિલના રોજ ધંધા પર જતા પહેલા સોનાનું કડુ પહેરવા માટે રોશનભાઈએ સાસુના રૂમમાં રહેલી તિજોરીમાં જોયું હતું. પરંતુ કડુ મળ્યું ન હતું. જેમાં તેની પત્નીના સોનાના દાગીના અને ૫૦ હજાર રોકડ રકમ પણ તિજોરીમાંથી ગુમ હતી. જ્યારે ઘરમાં કેરટેકર સિવાય બીજું કોઈ આવ્યું ન હોવાથી રોશનભાઈએ ૪.૯૪ લાખના મુદ્દામાલની ચોરીની પોલીસમાં ફરિયાદ નોંધવી હતી. સમગ્ર મામલે પોલીસ તપાસ હાથ ધરી હતી. જેમાં કેરટેકર ઉર્વિશા ચૌહાણ અને દિપક સોલંકી રોકડ-સોનાના દાગીના ચોરી કરીને ફરાર થઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને કપુરાઈ પોલીસે સોના-ચાંદીના દાગીના અને રોકડ જપ્ત કરીને બંને આરોપીની ધરપકડ કરી હતી.

### કેનેડામાં ઓક્ટોબરમાં થનારી સામાન્ય ચૂંટણી હવે એપ્રિલના અંતમાં થશે

## કેનેડાના રાજકારણમાં પાટીદારોની એન્ટ્રી, આ વખતે ચૂંટણીમાં પહેલીવાર ગુજરાતી ઉમેદવારો મેદાનમાં!!

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

કેનેડામાં ઓક્ટોબરમાં થનારી સામાન્ય ચૂંટણી હવે એપ્રિલના અંતમાં થશે. લિબરલ પાર્ટીના નેતા અને પીએમ માર્ક કાર્નીએ આ ફેરફાર કથિત રીતે ડોનાલ્ડ ટ્રમ્પના કારણે ડગુમગુ થયેલી વ્યવસ્થાને સંભાળવા માટે કર્યો. ખાસ વાત એ છે કે આ વખતે ચૂંટણીમાં પહેલીવાર ગુજરાતી ઉમેદવારો પણ મેદાનમાં ઉતર્યા છે. સવાલ એ છે કે કેનેડાના પોલિટિક્સમાં નવા ઉમેદવારો માટે કેટલો સ્કોપ છે? શું તેમની પાસે પહેલેથી જ મસમોટો વોટબેંક છે, જે મહિનાના અંતમાં તેમને મદદ કરશે?

રિપોર્ટ મુજબ આ ઉમેદવારોમાંથી ૨ ઉમેદવાર પાર્ટી તરફથી જ્યારે બે ઉમેદવાર અપક્ષ ચૂંટણી લડી રહ્યા છે. જયેશ બ્રહ્મભટ્ટ વર્ષ ૨૦૦૧માં ભારતથી કેનેડા ગયા હતા. વ્યવસાયે સિવિલ એન્જિનિયર હવે રિયલ એસ્ટેટ કારોબારી છે. તેઓ પીપલ્સ પાર્ટીથી ચૂંટણી લડશે. જ્યારે સંજીવ રાવલ લિબરલ પાર્ટી તરફથી ચૂંટણી લડશે. તાંન્ઝાનિયામાં જન્મેલા સંજીવ ૨૦ વર્ષ કરતા વધુ સમયથી કેનેડામાં છે અને તેમના અનેક સ્ટોર છે. રાવલ કેનેડામાં રહેતા મિડલ ક્લાસના ભારતીયો સાથે જોડાયેલા છે.

અશોક પટેલ અને મિનેશ પટેલ બંને વેપારીઓ છે અને સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે. તેઓ સામાજિક સરોકારથી જોડાયેલા રહ્યા પરંતુ રાજકારણમાં બંનેનું આ પહેલું ડગલું છે.

તેમનું ચૂંટણીના મેદાનમાં ઉતરવું એ કેનેડાની રાજનીતિને નજીકથી જોતા લોકો માટે ચોંકાવનારું નથી. કારણ કે આ દેશમાં એક લાખથી વધુ ગુજરાતીઓ છે, જેમાંથી મોટાભાગના સફળ વેપારી છે. આ સમુદાય ટોરંટો, ઓટાવા, વાનકુવર, કેલગરીની સાથે સાથે લગભગ સમગ્ર કેનેડામાં ફેલાયેલો છે. અનેક લોકો કામ માટે આવતા રહે છે જ્યારે મોટી સંખ્યામાં ગુજરાતી વિદ્યાર્થીઓ પણ અહીં છે, જે કેનેડામાં સેટલ થઈ ચૂક્યા છે.

પંજાબીઓ બાદ ગુજરાતીઓ એ બીજી મોટી કમ્યુનિટી છે. વર્ષ ૨૦૧૬ બાદથી આ ગુજરાતી ભાષા કેનેડામાં ત્રીજી સૌથી મોટી ભાષા તરીકે ઊભરી આવી. પહેલા નંબરે પંજાબી અને પછી હિન્દી છે. પંજાબીઓથી અલગ વેપાર ઉપરાંત અનેક વેપ ારમાં પણ ગુજરાતીઓ છે. જેમ કે ગુજરાતી મૂળના લોકો અહીં ડોક્ટર, એન્જિનિયર, અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ જોવા મળશે. કેનેડામાં મોટી ગુજરાતી કંપનીઓ પણ એક્ટિવ છે જે હોસ્પિટાલિટી, રિટેલ, આઈટી, અને ફાઈનાન્સમાં કામ કરે છે.

હાલમાં જ ડોનાલ્ડ ટ્રમ્પે કાશ પટેલને એફબીઆઈના ડાયરેક્ટર બનાવ્યા. પટેલ પાસે એડવાઈઝરી રોલથી સીધી એક્ઝીક્યુટીવ તાકાત આવી ગઈ છે. કેનેડા અને અમેરિકામાં હાલ તણાવ છે. આવામાં આ સમુદાયની સક્રિયતા સૌથી શક્તિશાળી દેશની સાથે તેમના એટલે કે કેનેડાના સંબંધ સુધારી શકે છે અથવા તો પછી ભાષાના આધારે કનેક્ટ તો કરી શકે છે.

### અંકલેશ્વરની સ્કૂલમાં ગેસ સિલિન્ડર લીક થતાં લાગી આગ, મોટી દુર્ઘટના ટળી

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૧૧ ।

ગુજરાતમાં આગ દઝાડતી ગરમી પડવાનું શરૂ થઇ ગયું છે, ત્યારે આગ લાગવાની ઘટનાઓ સતત વધી રહી છે. આજે (શુક્રવારે) અંકલેશ્વરના ગોયા બજારમાં આવેલી સરકાર સ્કૂલમાં આગ લાગી હતી. શાળામાં મધ્યાહન ભોજનની તૈયાર વખતે ગેસ લીકેજના કારણે આગ ફાટી નીકળી હતી. જોકે શિક્ષકો અને મધ્યાહન ભોજનના કર્મચારીઓની સમયસૂચકતા અને સૂઝબૂઝના મોટી જાનહાનિ ટળી હતી. આગ ફાટી નીકળતાં શાળાના ૨૦૦ જેટલા વિદ્યાર્થીને સુરક્ષિત સ્થાને ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર અંકશ્વરની સરકાર શાળા નંબર ૧માં બપોરના સમયે મધ્યાહન ભોજનની તૈયારીઓ ચાલી રહી હતી. આ દરમિયાન અચાનક ગેસ સિલિન્ડર લીક થતાં આગ ફાટી નીકળી હતી. આગની ઘટનાને પગલે શાળાના તમામ વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા હતા. જેના લીધે મોટી જાનહાનિ ટળી હતી. આગના બનાવની જાણ થતાં ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં મધ્યાહન ભોજનના કર્મચારીઓ અને શાળાના શિક્ષકોએ આગ પર કાબૂ મેળવી લીધો હતો. સુરતમાં લાગ લાગવાની ઘટના બની છે. સુરતના વેસુ વિસ્તારમાં હેપ્પી એન્કલેવ ફલેટના આઠમા માળે આગ લાગી હતી.

### સુરતમાં ૭ વર્ષની બાળકીને નિર્વસ્ત્ર કરી નરાધમે કર્યા શારીરિક અડપલા

। પ્રતિનિધિ, સુરત, તા.૧૧ ।

ગુજરાતમાં સુરત શહેરમાંથી વધુ એક શર્મસાર કરતી ઘટના સામે આવી છે. જેમાં નરાધમ દ્વારા ૭ વર્ષની બાળકીને નિર્વસ્ત્ર કરીને તેની સાથે શારીરિક અડપલાં કરવામાં આવ્યા હતાં. આ મામલે માતાએ પોલીસ ફરિયાદ કર્યા બાદ પોલીસે આરોપીને ઝડપી લીધો છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.ગુજરાતના સુરત શહેરમાં ૭ વર્ષની બાળકી સાથે અડપલા કરવામાં આવ્યા હતાં. બાળકી કોમ્પલેક્ષ નીચે રમી રહી હતી. એવામાં એક શખસ આવીને તેને ચોથા માળે લઈ ગયો હતો. જ્યાં બાળકીને નિર્વસ્ત્ર કરીને તેની સાથે શારીરિક અડપલા કરવામાં આવ્યા હતાં. બાળકીએ સમગ્ર મામલે રડતા-રડતા પોતાની માતાને હકીકત જણાવી હતી. ત્યારબાદ માતાએ તાત્કાલિક ધોરણે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઓલપાડ પોલીસે માતાની ફરિયાદના આધારે આરોપી વિરૂદ્ધ દુષ્કર્મ અને પોક્સો હેઠળ ગુનો દાખલ કરી આરોપીને ઝડપી પાડ્યો હતો. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ગુજરાતમાં સુરત શહેરમાંથી વધુ એક શર્મસાર કરતી ઘટના સામે આવી છે. જેમાં નરાધમ દ્વારા ૭ વર્ષની બાળકીને નિર્વસ્ત્ર કરીને તેની સાથે શારીરિક અડપલાં કરવામાં આવ્યા હતાં.




બોગસ હથિયાર લાયસન્સ સાથે ૧૫ હથિયાર અને ૪૮૯ કારતૂસ કબ્જે

# ગુજરાત એટીએસની ટીમે બોગસ હથિયાર લાયસન્સ મેળવવાના ગુનામાં કુલ ૧૮ આરોપીને ઝડપી લીધા

**હથિયારના શોખીન આ શખ્સોએ ગુજરાત બહારના રાજ્યોમાંથી લાખો રૂપિયાચુકવીને આ હથિયારો ખરીદ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાત એટીએસની ટીમને બોગસ હથિયાર લાયસન્સ મેળવવાના કેસમાં કુલ ૧૮ આરોપીની ધરપકડ કરી છે. હથિયારના શોખીન આ શખ્સોએ ગુજરાત બહારના રાજ્યોમાંથી લાખો રૂપિયાચુકવીને આ હથિયારો ખરીદ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. ગુજરાત એટીએસે ગત ૮મી તારીખે બોગસ લાયસન્સ ધરાવનાર સાત આરોપીઓની ધરપકડ કરી કુલ ૦૬ હથિયાર સહિત ૧૩૫ કારતૂસ કબ્જે કર્યા હતા. જેની તપાસ અને રિમાન્ડ દરમિયાન વધુ ૧૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેની પાસેથી પણ બોગસ હથિયાર લાયસન્સ સાથે ૧૫ હથિયાર અને ૪૮૯ કારતૂસ કબ્જે કરવામાં આવ્યા છે .જેમાં(૧) અનિલ ગૌરિશંકર રાવલ, (૨) અરજણ વિહા ભરવાડ(૩) ભરત રામા ભરવાડ (૪) દેહુલ રાજુ ભરવાડ (૫) દેહુર બચુ ભોકરવા (૬) જનક બલુ પટેલ (૭) જય શાંતિલાલ પટેલ (૮) જગદિશ રેવા ભુવા (૯) લાખા રઘુ ભરવાડ (૧૦) મનિશ રમેશ રૈયાણી (૧૧) નિતેશ ભાયા મિર (૧૨) રમેશ ભોજા ભરવાડ (૧૩) રિશિ ઉમેશભાઈ દેસાઈ (૧૪) સમિર ભિખુ ગધેથરિયા (૧૫) વિરાજ જોગા ભરવાડ અને (૧૬) વિરમ સોંડા ભરવાડનો સમાવેશ થાયછે.આ બોગસ હથિયાર લાયસન્સ કેસ માં ઝડપાયેલા ૧૬ આરોપીઓ અગાઉ પકડાયેલ સાત આરોપી (૧) સેલાભાઈ વેલાભાઈ બોળીયા, (૨) વિશાલ મુકેશભાઈ પંડ્યા, (૩) અર્જુન લાખુભાઈ અલગોતર, (૪) ધૈર્ય હેમંતભાઈ ઝરીવાલા, (૫) સદ્દમ હુસૈન, (૬) બ્રીજેશ ઉર્ફે બિહુ મહેતા તથા (૭) મુકેશ રણછોડભાઈ બાંભા ના ધાર્મિક અને લગ્ન પ્રસંગ માં સંપર્ક માં આવ્યા હતા ત્યારે આ સાત આરોપીઓ પાસે હથિયાર જોઈ ને પ્રભાવિત થઈ જઈ ને પોતાના માટે પણ લાયસન્સ પરવાનો લેવા માટે ની વાત કરી હતી જેને લઈને આ ૧૬ આરોપીઓ એ ગુજરાત રાજ્ય બહાર ના રાજ્ય માંથી ૫ લાખ થી લઈ ને ૨૫ લાખ ની રકમ ની ચૂકવણી કરી ને હથિયાર લાયસન્સ અને હથિયાર મેળવ્યા હતા ત્યારે ગુજરાત એટીએસ ની તપાસ માં સામે આવ્યું છે કે આ ૧૬ હથિયાર શોખીનો એ આંગડિયા કે બેંક મારફતે પૈસા ચૂકવ્યા છે.ગુજરાત એટીએસની તપાસમાં એ વાત પણ સામે આવી છે કે અગાઉ ઝડપાયેલ મુખ્ય આરોપીઓની ટોળકી પોતાના ગ્રાહકોને આકર્ષવા માટેથી ધાર્મિક કે સામાજિક પ્રસંગમાં પોતાની કમર પર હાથિયાર લટકડીને દેખાઈ શકે એ રીતે શો ઓફ કરતા ગયા જે જોઈ ને લોકો તેને પૂછતા હતા કે હથિયાર કઈ રીતે મળી શકે ત્યારે આ ગેંગ હથિયાર આપવા માટે ની પ્રક્રિયા સમજાવતા જેમાં આધાર કાર્ડ , ૩ વર્ષના ઈક્મ ટેક્સ રીટર્ન સહિત ના દસ્તાવેજ મેળવી ને થોડા જ દિવસો માં હથિયાર અને બોગસ હથિયાર લાયસન્સ આપી દેતા હતા જેના બદલા માં નક્કી કરેલ રકમ ચૂકવવા માં આવતી હતી જેમાં આ ૧૬ આરોપીઓ એ અલગ અલગ રકમ ચૂકવી હતી આ ૧૬ આરોપીઓ ની પૂછ પરછ માં ખુલાસો થયો છે કે આ હથિયાર અને હથિયાર લાયસન્સ અગાઉ પકડાયેલ સાત આરોપીઓ થકી મેળવ્યા હતા અને સાત આરોપીઓ એ હરિયાણા ના ખાતે આવેલ નૂહ માં આવેલ સૌકતઅલી ફારૂકઅલી સોહિમઅલી તેમજ આસિફ નામના શખ્સો એ નાગાલેન્ડ અને મણિપુરના લાયસન્સ કરવી આપ્યા હતા



૧૬ જેટલા આરોપીઓ હથિયાર અને ૧૧૮ જેટલા વાહનો લઈને ધસી આવ્યા હતા

# ગોંડલના ચકચારી રાજ વાડીમાં થયેલા હુમલા મામલે આરોપીઓનો નિર્દોષ છુટકારો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૧ ।

૧૮ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ, ગોંડલ ગામમાં રજવાડી તરીકે ઓળખાતી ખૂબ જ કિંમતી જમીન પર કબજો કરવાના ઈરાદે ૧૬ જેટલા આરોપીઓ હથિયાર અને ૧૧૮ જેટલા વાહનો લઈને ધસી આવ્યા હતા અને ઘરમાં ઘણું નુકસાન કરી જમીન પોતે કબ્જે કરી લેશે તેવી ધાકધમકી આપી હતી. વિવાદને લઈને ૨૦૦૩માં વિક્રમસિંહ રાણાની હત્યા થઈ હતી. કેસમાં ૧૬ જેટલા આરોપીઓની ધરપકડ કરી હતી ત્યારે ગોંડલ સેશન્સ કોર્ટે તમામ આરોપીઓને બચાવ પક્ષની દલીલનાં આધારે નિર્દોષ જાહેર કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગોંડલ ગામમાં રજવાડી તરીકે ઓળખાતી ખૂબ જ કિંમતી જમીન પર કબજો કરવાના ઈરાદે આરોપી જયપાલસિંહ મહિપતસિંહ જાડેજા, ગિરીશભાઈ સંતરામભાઈ અગ્રવાલ, રામભાઈ રણમલભાઈ આહિર, સલ્મીનભાઈ સીરાઉદીન પઠાણ, અજયસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, પ્રદીપસિંહ ઘનશ્યામસિંહ જાડેજા, રમેશભાઈ ધરમસીભાઈ ઠક્કર, જયરાજભાઈ દોસનભાઈ બસિયા, રાઘવેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ જાડેજા વગેરેએ લાકડીઓ, કુહાડી, પાઈપ, તલવારો અને પિસ્તોલ જેવા હથિયારોથી બનેલી રજવાડી પર કબ્જો કરવાના ઈરાદે પિસ્તોલ અને ૧૧૮ વાહનો સાથે વાડીમાં ઘૂસ્યા હતા.

## નવસારીની પૂર્ણા નદીમાં પાંચ ડૂબ્યાઃ ત્રણ મહિલાનો બચાવ, એકનું મોત

। પ્રતિનિધિ, નવસારી,તા.૧૧ ।

નવસારી નજીકના ધારાગીરી ગામ પાસે પૂર્ણા નદીમાં એક દુઃખદ ઘટના બની છે, જ્યાં ૪ મહિલાઓ અને ૧ પુરુષ નદીમાં ડૂબી ગયા છે. આ અકસ્માતમાં ત્રણ મહિલાઓને બચાવી લેવામાં આવી છે, જ્યારે એક મહિલાનું મોત થયું છે અને એક પુરુષ હજુ પણ ગુમ છે. તે એક મહિલાનો દિયરે હોવાનું સામે આવ્યું છે.આપને જણાવી દઈએ કે, ધારાગીરી ગામ નજીક પૂર્ણા નદીના ઓવારામાં ચાર મહિલાઓ કપડાં ધોવા ગઈ હતી. આ દરમિયાન એક મહિલા નદીમાં ડૂબવા લાગી. અન્ય મહિલાઓએ પણ તેને બચાવવા માટે પાણીમાં કૂદી પડી, પરંતુ તેઓ પણ ડૂબી ગયા.

મહિલાઓને ડૂબતી જોઈને, એક સ્થાનિક યુવકે તેની ભાભી સહિત મહિલાઓને બચાવવા માટે પાણીમાં કૂદી પડ્યો. પરંતુ કમનસીબે, તે યુવક પણ નદીના પ્રવાહમાં ગાયબ થઈ ગયો. નદીમાંથી પસાર થતા માછીમારોએ તાત્કાલિક પોતાની જાળ ફેંકી અને ત્રણ મહિલાઓના જીવ બચાવ્યા. મહિલાના મૃતદેહને નદીમાંથી બહાર કાઢીને નવસારી સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે.

## સુરત જિલ્લામાં સગીરા સાથે દુષ્કર્મ : પ્રેમી સહીત ૪ મિત્રો છેલ્લા એક વર્ષથી સંબંધ બાંધતા હતાં

। પ્રતિનિધિ, સુરત, તા.૧૧ ।

સુરત જિલ્લામાં દુષ્કર્મની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં બારડોલીની એક સગીરાને પ્રેમજાળમાં ફસાવીને ચાર મિત્રોએ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.આ સગીરાને પ્રેમજાળમાં ફસાવી. પ્રેમીના ત્રણ સાથી મિત્રોએ પણ સગીરાને પ્રેમ સંબંધ જાહેર કરવાની ધમકી આપી સગીરા સાથે દુષ્કર્મ આચર્યું, સગીરાએ બારડોલી ટાઉન પોલીસમાં ફરિયાદ આપતા ગણતરીના કલાકો માં પોલીસે ચાર નરાધમો ની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી.ઘટનાએ બની હતી કે એક વર્ષ અગાઉ બારડોલી નગરમાં રહેતી એક સગીરાને બારડોલીના જલારામ હુડકો સોસાયટીમાં રહેતા રોનીત પાંડે સાથે સોશિયલ મીડિયા થકી મિત્રતા થઈ હતી.મિત્રતા થયા બાદ રોનિત પાંડે સગીરા સાથે અવારનવાર શરીર સંબંધો બાંધ્યા હતા. જોકે આ વાત અહીંથી નહીં અટકતા રોનીત પાંડે ના સગીરા સાથેના સંબંધ અંગે તેના સાથે મિત્રોને પણ જાણ કરી હતી. જેથી રોનિત પાંડેના અન્ય ત્રણ સથી મિત્રો ની પણ સગીરા ઉપર દાનત બગડી હતી.સગીરાના રોનિત પાંડે સાથેના ઘણા લાંબા સમયથી સંબંધ હોય આ ત્રણેય સાથી મિત્રો એ પણ સગીરાને ઈન્સ્ટાગ્રામ મારફત મિત્ર બનવા માટે રિક્વેસ્ટ મોકલી હતી. અન્ય ત્રણ ઈસમો પણ સગીરા સાથે સોશિયલ મીડિયા થકી જોડાયા હતા .બાદમાં કૃષ્ણનગર ખાતે રહેતો દીપાશું તોમર નામના યુવકે આ સગીરાને રોનિત પાંડે સાથેના સંબંધોના ફોટા અને વિડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી અને ફોટા વાયરલ નહીં કરવાનું જણાવી દીપાનશું તોમર શની રાજપુત અને કૃણાલ પારેખે પણ આ સગીરાને પોતાની સાથે સંબંધ બાંધવા માટે ધાક ધમકીઓ આપી મજબૂર કરી હતી.હરકતમાં આવેલી બારડોલી પોલીસે રોનિત પાંડે, દીપાંશુ તોમર, સની રાજપુત તેમજ કૃણાલ પારેખ નામના ચાર હવાસખોરો અટકાયત કરી લેવાઈ હતી.






## તંત્રી લેખ..

# વિદેશમાં એન્ટી ઈન્કમ્બન્સી પણ દેશમાં પ્રો-ઈન્કમ્બન્સીનું શું?

દેશમાં લોકસભા ચૂંટણી માટે આ મહિને ૧૯ એપ્રિલથી મતદાન શરૂ થવા જઈ રહ્યું છે. બધાની નજર તેના પર છે, શું મોદી કરશે હેટ્રિક? તમામ સર્વેમાં એક જ વાત સામે આવી રહી છે કે ફરી મોદી સરકાર આવવાની છે. સવાલ એ છે કે મોદીમાં એવું તો શું છે કે તેઓ હેટ્રિક ફટકારીને દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુની જીતની બરાબરી કરશે? પરંતુ આને લગતો પ્રશ્ન એ છે કે દેશમાં સત્તા વિરોધી લહેર કેમ નથી, જ્યારે વિદેશોમાં સત્તા વિરોધી લહેર ચાલી રહી છે.તુર્કીમાં પોતાને મુસ્લિમોના ખલીફા ગણાવતા એર્દોગનને જોરદાર ફટકો પડ્યો છે. ૨૦૦૩થી તુર્કીમાં શાસન કરી રહેલા રાષ્ટ્રપતિ તૈયપ એર્દોગનને તેમની સૌથી મોટી રાજકીય હારનો સામનો કરવો પડ્યો છે. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં તમામ મોટા શહેરોમાં તેમની પાર્ટીની હાર થઈ છે. ઈસ્તાંબુલ અને અંકારામાં પણ એર્દોગનની પાર્ટીની હાર થઈ છે. વાત માત્ર તુર્કીની નથી, પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેનની હાલત પણ સારી નથી. આ વર્ષે નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં બિડેન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફરીથી જંગ થવાનો છે. આટલું જ નહીં, આવતા વર્ષે જાન્યુઆરીમાં બ્રિટનમાં વડાપ્રધાનની ચૂંટણી યોજાવા જઈ રહી છે, ત્યાં પણ ઋષિ સુનકની સ્થિતિ સારી માનવામાં આવી રહી નથી. કેનેડામાં પણ વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોની લોકપ્રિયતા ઘટી રહી છે, જ્યારે પાકિસ્તાનમાં ઈમરાન ખાનને જેલમાં ધકેલીને પણ સત્તાધારી પાર્ટી પૂર્ણ બહુમતી હાંસલ કરી શકી નથી.યોગાનુયોગ આ વર્ષે વિશ્વમાં સૌથી વધુ ચૂંટણીઓ યોજાઈ રહી છે. ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ફોર ઈલેક્ટોરલ સિસ્ટમ અનુસાર આ વર્ષે ૭૦થી વધુ દેશોમાં ચૂંટણી યોજાઈ રહી છે. વિશ્વની અડધી વસ્તી આ દેશોમાં રહે છે. એશિયાથી લઈને આફ્રિકા અને યુરોપ સુધી વડાપ્રધાન કે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે લિટમસ ટેસ્ટ શરૂ થઈ ગયો છે. એટલું જ નહીં ૨૭ દેશોના બનેલા યુરોપિયન યુનિયનની ચૂંટણીમાં પણ રંગ જામવા જઈ રહ્યો છે, પરંતુ વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારતની ચૂંટણી રસપ્રદ છે.વાસ્તવમાં ચૂંટણીઓ આર્થિક સંકટ, રાજકીય અસ્થિરતા અને નબળા નેતૃત્વના પડછાયા હેઠળ છે. અમેરિકામાં જીડીપી દર લગભગ ૨ ટકા છે, બ્રિટનનો જીડીપી દર લગભગ ૪.૩ ટકા છે અને તુર્કીનો જીડીપી દર લગભગ ૫.૫ ટકા છે. એક તરફ નબળું નેતૃત્વ અને બીજી તરફ આર્થિક વિકાસ મહત્વનો છે, પરંતુ ભારતમાં આ સ્થિતિ નથી. દેશમાં જીડીપી દર ૭.૫ ટકા રહેવાનો અંદાજ છે.ભારત વિશ્વમાં ઉભરતી અર્થવ્યવસ્થા છે, રાજકીય રીતે ભાજપ એક મજબૂત પક્ષ છે.

# ઉપવાસ વય વધારવામાં મદદરૂપ ?

ઉપવાસ વયને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. કઈ રીતે ભૂમિકા અદા કરે છે તેને લઈને હાલમાં જ જર્મનીમાં એક અભ્યાસ કરવામાં આવ્યા બાદ તેના તારણો જારી કરવામાં આવ્યા છે. અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે ઉપવાસથી વય લાંબી થાય છે. કેટલીક બિમારીમાં પણ ફાયદાકારક રહે છે. આ અભ્યાસની કામગીરી ઉંદર પર કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. આમાં ઉંદરોના બે ગ્રુપ બનાવવામાં આવ્યા હતા. એક ગ્રુપના ઉંદરોને એક નક્કી કરવામાં આવેલી અવધિ સુધી ઉપવાસની જેમ રાખવામાં આવ્યા હતા. તેમની વય પાંચ વર્ષ સુધી વધી ગઈ હતી. આ પહેલા વર્ષ ૨૦૧૬માં પણ જાપાની વૈજ્ઞાનિકો દ્વારા આવા જ તારણ જારી કરવામાં આવ્યા હતા. જેના કારણે જાપાની વૈજ્ઞાનિક યોશિનોરી ઓસુમીને નોબેલ પુરસ્કાર માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. શોધમાં આ બાબત ઉભરીને સપાટી પર આવી છે કે જે લોકો ઓછા પ્રમાણમાં જમે છે તેમના શરીર વધારે લાંબા સમય સુધી ફિટ રહે છે. જ્યારે વધારે પ્રમાણમાં જમનાર લોકોના શરીર પહેલાથીજ લથડી પડે છે. ૧૨ કલાક સુધી કોઈ ચીજ ન ખાનાર લોકોના શરીરમાં ઓટોફાગી સફાઈ પ્રક્રિયા શરૂ થઈ જાય છે. જેના કારણે શરીર ખરાબ કોશિકાને ખતમ કરવા લાગી જાય છે. તેના સ્થાન પર શરીર નવી કોશિકાનુ નિર્માણ શરૂ કરી નાંખે છે. શરૂઆતમાં શરીર ઉપવાસના કારણે પરેશાન થાય છે. પરંતુ મોડેથી તેને ભુખ્યા પેટ રહેવાની ટેવ પડી જાય છે. ખોટી ખાવા પીવાની ટેવ અને અને ખરાબ જીવનશેલીના કારણે સ્થુળતા ઝડપથી વધે છે. સ્થુળતાના કારણે મેટાબોલિક સિન્ડ્રોમ થાય છે. જેના કારણે ફેટી લિવર, હાઈ બ્લડ પ્રેશર, હાઈ કોલેસ્ટ્રોલ, , હાઈપર ટેન્શન માઈક્રો વેસ્કુલર સંબંધિત બિમારી થાય છે. જીવનશેલીમાં ફેરફારઅને સ્થુળતાને દુર કરીને આ તમામ બિમારીથી બચી શકાય છે. નિયમિત લાઈફસ્ટાઈલ ખુબ જરૂરી છે. રાત્રી ગાળામાં સમયસર ઉંઘી જવાની બાબત ઉપયોગી બની છે. સવારમાં ઉઠી ગયા બાદ બે કલાકની અંદર નાસ્તો કરવામાં આવે તે જરૂરી છે. અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે ૧૦થી ૧૨ કલાકના ઉપવાસ વેળા શરીરમાં એન્ટીઓક્સીડન્ટ રિલિઝ થાય છે. શરીરના આંતરિક અંગોને આરામ મળે છે. એવા લોકો જેમને કોઈને કોઈ શારરિક સમસ્યા છે તે લોકો તબીબોની સલાહ વગર ઉપવાસ ન કરે તે જરૂરી છે. સપ્તાહમાં એક દિવસ ઉપવાસ જરૂરી છે. જેના કારણે શરીર તેજી સાથે કોશિકાનુ નિર્માણ કરે છે. ઉપવાસ દરમિયાન સવારમાં હળવા પ્રમાણમાં ફળાહાર લેવામાં આવે તે જરૂરી છે.



## ડોક્ટર ડાયરી

લેખક : ડો. મિતાલી ભરૈયા

### પ્રારંભિક સંધિવા દર્દીના નાના સાંધાઓને અસર કરે છે...

**ખાસ કરીને એ સાંધા જે તમારી આંગડીઓને હાથ સાથે જોડે છે અને અંગૂઠાને પગ સાથે. જેમ જેમ રોગ આગળ વધે છે તેમ તેમ, લક્ષણો વારંવાર કાંદા, ઘૂંટણ, પગની ઘૂંટી, કોની, હિપ્સ અને ખભા સુધી ફેલાય છે.**

# રૂમેટોઈડ આર્થરાઈટિસ એટલે કે સંધિવા શું છે?

**સાંધામા ગરમાવો લાગવો, સોજો આવવો, થાક, તાવ અને ભૂખ ના લાગવી સંધિવાના લક્ષણોની તીવ્રતા અલગ અલગ હોઇ શકે છે, અને આ લક્ષણો આવતા જતાં રહે છે.**

આ એક ક્રોનિક ઈનફલામેટરી ડિસિસ છે, એટલે ક લાંબો સમય ચાલતો રોગ. જે મોટે ભાગે ફક્ત સંધાઓને જ અસર કરે છે, પણ અમુક કેસીસમાં ત્વચા, આંખો, ફેફસા, હદય અને રુધિરવાહિણીઓસહિત શરીરની વિવિધ પ્રણાલીઓને પણ નુકસાન પહોંચાડી શકે છે. ઓટોઈમ્યુન ડિસઓર્ડર રૂમેટોઈડ સંધિવા ત્યારે થાય છે જ્યારે દર્દીની રોગપ્રતિકારક શક્તિ ભૂલથી પોતાના શરીરની જ પેશીઓ પર હુમલો કરે છે. સંધિવા દર્દીના સંધાન અસ્તરને અસર કરે છે જે આખરે હાડકાના ધોવાણ અને સંધાની વિકૃતિમાં પરિણમી શકે છે. આ તકલીફના લક્ષણો સમજીએ :



૧. પ્રારંભિક સંધિવા દર્દી ના નાના સાંધાઓને અસર કરે છે. ખાસ કરીને એ સાંધા જે તમારી આંગડીઓને હાથ સાથે જોડે છે અને અંગૂઠાને પગ સાથે. જેમ જેમ રોગ આગળ વધે છે તેમ તેમ, લક્ષણો વારંવાર કાંદા, ઘૂંટણ, પગની ઘૂંટી, કોની, હિપ્સ અને ખભા સુધી ફેલાય છે.

૨. સાંધામા ગરમાવો લાગવો, સોજો આવવો

૩. થાક, તાવ અને ભૂખ ના લાગવી સંધિવાના લક્ષણોની તીવ્રતા અલગ અલગ હોઈ શકે છે, અને આ લક્ષણો આવતા જતાં રહે છે. જેથી આને ફરતો વા પણ કહવામાં આવે છે. ખૂબ લાંબો સમય સંધિવા હોય એના સાંધા વિકૃત થઈ જતાં હોય છે. આવો સમઝીએ ક સંધિવા થવાના કારણો શું હોઈ શકે: રૂમેટોઈડ સંધિવા એ સ્વયંપ્રતિરક્ષા રોગ છે. સામાન્ય રીતે, તમારી રોગપ્રતિકારક શક્તિ તમારા શરીરને ચેપ અને રોગથી બચાવવામાં મદદ કરે છે. રૂમેટોઈડ સંધિવામાં, તમારી રોગપ્રતિકારક શક્તિ તમારા સાંઢમાં તંદુરસ્ત પેશીઓ પર હુમલો કરે છે. તે તમારા હદય, ફેફસા, કહેતા, આંખો અને ત્વચા સાથે પણ તબીબી સમસ્યાઓનું કારણ બની શકે છે. ડોકટરો જાણતા નથી કે આ પ્રક્રિયા કેમ થાય છે, જો કે આનુવંશિક ઘટક સંભવિત હોઈ શકે છે. જ્યારે તમારા જનીનો વાસ્તવમાં રૂમેટોઈડ સંધિવાનું કારણ નથી, તો પર્યાવરણીય પરિબળો જેમ કે વાયરસ કે બેક્ટેરિયાનો ચેપ લાગવા ને લીધે પ્રતિક્રિયા રૂપે આ લક્ષણો થાય હોવાની શક્યતા રહેલ છે. પુરુષો કરતાં સ્ત્રીઓમાં રૂમેટોઈડ સંધિવા થવાની શક્યતા વધુ છે. કોઈપણ ઉમરે થઈ શકે છે, પણ સામાન્ય રીતે મધ્યમ ઉમર એટલે કે ૩૦ વર્ષ ની આજુબાજુ, લક્ષણો શરૂ થાય છે. જો તમારા પરિવારના કોઈ સભ્યને રૂમેટોઈડ સંધિવા હોય, તો તમને આ રોગ થવાનું જોખમ વધી જાય છે. અને આનુવંશિક જોખમ હોવાની સાથે સાથે જો ધુમ્રપાન કરતાં હોય, તેવા લોકોમાં રૂમેટોઈડ સંધિવા વધુ તીવ્રતાથી થાય છે. જે લોકોનું વજન વધારે છે તેઓને સંધિવા થવાનું જોખમ કઈક અંશે વધારે હોય છે. જો રૂમેટોઈડ સંધિવાની યોગ્ય સારવાર કરવામાં ના આવે તો અનેક કોમ્પલિકાશન્સ થઈ શકે છે:

૧. ઓસ્ટીઓપોરોસીસઃ રૂમેટોઈડ સંધિવા માટે લેવામાં આવતી અમુક દવાઓની સાથે, ઓસ્ટીઓપોરોસીસ નું જોખમ વધી જાય છે. આ એક એવી સ્થિતિ છે જે હડકને નબળા પાડે છે અને તેમ ફ્રેકચર થવાની સંભાવના વધારે છે.

૨. રૂમેટોઈડ નોડયુલઃ પેક્ષિણ આ મજબૂત બંપ સમાન્ય રીતે કોની જેવા દબાણના બિન્દુઓની આસપાસ રચાય છે. જો કે, આ નોડયુલસ હદય અને ફેફસા સહિત શરીરમાં ગમે ત્યાં બની શકે છે, જે ખૂબ જ રિસ્કી છે.

૩. સૂકી આંખો અને મોઃ આ એક સિન્ડ્રોમ છે જે આંખો અને મો માં ભેજ નું પ્રમાણ ઘટાડે છે.

૪. વારંવાર ચેપ લાગવોઃ રૂમેટોઈડ સંધિવાના ઈલાજમાં વપરાતી દવાઓ ને લીધે લાંબા સમયે રોગપ્રતિકારક શક્તિ ઘટી શકે છે. જેને લીધે દર્દીને વારંવાર ચાંદી અને ફેફસાને લગતા રોગો થવાનું જોખમ વધી જાય છે.

૫. કાર્પલ ટનલ સિન્ડ્રોમઃ જો રૂમેટોઈડ સંધિવા તમારા કાંદાને અસર કરે છે, તો બળતરા ચેતાને સંકુચિત કરી શકે છે.

૬. હદયની સમસ્યાઓઃ સંધિવા કઠણ અને અવરોધીત ધમણીઓનું જોખમ વધારે છે જેને લીધે હાર્ટ એટેક આવવાનું જોખમ વધી શકે છે. નિદાન કેવી રીતે કરી શકાયઃ રૂમેટોઈડ સંધિવાનું પ્રારંભિક તબક્કામાં નિદાન કરવું મુશ્કેલ હોઈ શકે છે કારણ કે શરૂઆત ના ચિન્હો અને લક્ષણો થોડા નજીવા હોય છે. ડૉક્ટર તમારા સાંધાનો સોજો, લાલાશ અને ગરમ છે ક નહીં એ તપાસશે , જેને ક્લિનિકલ તપાસ કહેવાય. આ સાથે લોહીની તપાસ પણ ખૂબ જ અગત્યની છે. જેમાં ઈ.એસ.ર. અને સી-રીએક્ટિવ પ્રોટીન ની માત્રા ચેક કરવામાં આવે છે. આર. એ. ફેક્ટર પણ જોવામાં આવે છે. સમય જતાં તમારા સાંધામાં રૂમેટોઈડ સંધિવાની અસર ને ટ્રેક કરવામાં મદદ કરવા માટે તમારા ડૉક્ટર એક્સ રે ની ભલામણ કરી શકે છે.

હવે આપણે વાત કરીએ આ રોગ ની સારવાર વિષેઃ રૂમેટોઈડ સંધિવા માટે કોઈ ઉપચાર નથી, એટલે કે તેને લોહીમાં થી સાંપોર્ન પેન કાઢી શકતો નથી. પણ તેના લક્ષણો ચોક્કસપણે ઓછા કરી શકે છે. જેના માટે દવાઓ અને ફિજિયોથેરાપી બંને ખૂબ જ અસરકારક છે. ઉપર જણાવેલ કોઈ લક્ષણ હોય તો દર્દી હાડકાના ડૉક્ટર પાસે પણ જય શકે, અને રૂમેટોલોજીસ્ટ્ ને પણ કૅન્સલ્ટ કરી શકે છે. અને તેમણે આપેલ દવાઓ રેગ્યુલર લેવી જ જોઈએ.

ફિજીઓથેરપીના લક્ષ્યો:

૧. પીડા નિયંત્રણ
૨. રોજિંદા જીવન ની પ્રવૃતિમાં સુધારો
૩. સંધાની જડતામાં સુધારો
૪. તાકાત માં વધારો
૫. થાક સ્તરમાં સુધારો
૬. સ્થિરતા અને સંકલમાં સુધારો

આ બધા લક્ષયો સુધી પોહચવા માટે ફિજીઓથેરાપીમાં દર્દીને ઠંડા/ગરમ શેક, ટેન્સ, હાઈડ્રોથેરપી, મસાજ થેરપી અને બીજી સ્પેસિફિક કસરતો કરાવવામાં આવે છે. જેમકે આપણે જોયું ક આ રોગ મટાડી નહીં શકે એટલે એને મેનેજ કરતાં રહવો પડશે જેથી દર્દીને વધુ ગંભીર લક્ષણોના સહન કરવા પડે. જેના માટે લાંબા ગાળાની ફિજીઓથેરાપી આશીર્વાદરૂપ બની રહે છે.




### મોટા ભાગના લોકો મલ્ટીપલ ઇમેલ એકાઉન્ટ્સ રાખે છે...

**મલ્ટીપલ એકાઉન્ટસને મેનેજ કરવાની એક સમસ્યા હોઇ શકે છે આવી સ્થિતીમાં એક ઇમેલ ક્લાઇન્ટ ઉપયોગી સોલ્યુશન બની શકે છે જે એક સ્થાન પર આપના તમામ મેસેજ સિંક કરી નાંખે છે ઇમેલ ક્લાઇન્ટ વધારાના ફિચર જેમ કે વધારાની સુરક્ષા મેસેજ બ્રેક અપ જેવી પણ ઓફર કરે છે**

# ઇનબોક્સ હમેંશા વ્યવસ્થિત રહે છે ?

**મલ્ટીપલ એકાઉન્ટસને મેનેજ કરવાની બાબત એક સમસ્યા તરીકે રહી શકે છે : એક ઇમેલ ક્લાઇન્ટ ઉપયોગી સોલ્યુશન બની શકે છે**

મોટા ભાગના લોકો જીમેલ, આઉટલુક અથવા તો યાહુ જેવા સર્વિસ પ્રોવાઈડર્સની સાથે મલ્ટીપલ ઈમેલ એકાઉન્ટ સ રાખે છે. તેમને સંબંધિત વેબસાઈટ અથવા તો મોબાઈલ એપ્સની મદદથી ઓનલાઈન ઉપયોગ કરી શકાય છે. મલ્ટીપલ એકાઉન્ટસને મેનેજ કરવાની એક સમસ્યા હોઈ શકે છે. આવી સ્થિતીમાં એક ઈમેલ ક્લાઈન્ટ ઉપયોગી સોલ્યુશન બની શકે છે. જે એક સ્થાન પર આપના તમામ મેસેજ સિંક કરી નાંખે છે. ઈમેલ ક્લાઈન્ટ વધારાના ફિચર જેમ કે વધારાની સુરક્ષા મેસેજ બ્રેક અપ જેવી પણ ઓફર કરે છે. કેટલાક શાનદાર ઈમેલ ક્લાઈન્ટસ રહેલા છે. જે અંગે લોકો પાસે હાલમાં એટલી માહિતી રહેલી નથી. આ ઈમેલ ક્લાઈન્ટ ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ જેમ કે અવિસ, મેકડોનાલ્ડ અને ટોયાટા દ્વારા ઉપયોગ કરવામાં આવે છે. તેમાં અનેક ફિચર રહેલા છે. જેમ કે કેલેન્ડર, કોન્ટેક્ટસ અને ચૈટનો સમાવેશ થાય છે. આ તમામ મોટી ઈમેલ સર્વિસ જેમ કે જીમેલ, યાહુ, આઈક્લાઉડ અને આઉટલુક ડોમ કોમ માટે સપોર્ટ કરે છે. તેના લેટેસ્ટ વર્જન પીજીપી ઈન્ક્રીપ્શન, લાઈવ બેક અપ અને જીમેલ માટે ઓટો રિપ્લાઈ ઓફર કરે છે. આ ફ્રી ટિયર છે. પરંતુ કોમર્શિયલ ઉપયોગ માટે પ્રો વર્જન જરૂરી છે. ઈમ ક્લાઈન્ટ શાનદાર ઈમેલ ક્લાઈન્ટ તરીકે રહે છે. આવી જ રીતે મેલબર્ડ પ્રો ઈમેલ ક્લાઈન્ટ મલ્ટીપલ એકાઉન્ટસને મેનેજ કરવામાં સમય બચાવી લે છે. તે ઈમેલને સુન્દર બનાવે છે. તે ઈમેલને વધારે શાનદાર અને યોગ્ય બનાવે છે. ઈમેલને વધારે કસ્ટમાઈઝ કરવા માટે અનેક ફ્રી થીમ્સની ઓફર કરે છે. તે અનેક પ્રકારના ઈન્ટીગ્રેટેડ એપ્સ જેમ કે વ્હાટ્સ ઓપ, ગુગલ ડોક્સ, ગુગલ કેલેન્ડર, ફેસબુક, ટ્વિટર , ડ્રોપ બોક્સ અને સ્લેકને સપોર્ટ કરે છે. તેની મદદથી સામાન્ય યુઝર તેમના ઈનબોક્સને શાનદાર બનાવી શકે છે. જાણકાર લોકો અને બજાર સાથે જોડાયેલા કારોબારી લોકો કહે છે કે માઈક્રોસોફ્ટના આઉટલુકને મોટા ભાગે બિઝનેસ અને એન્ટરપ્રાઈઝ માટે વધારે ઉપયોગી ગણવામાં આવે છે. આ ક્ષેત્રમાં તેનો ઉપયોગ સૌથી વધારે કરવામાં આવે છે. આ અન્ય માઈક્રોસોફ્ટ સર્વિસેઝની સાથે ઈન્ટીગ્રેટેડ છે. આ ઈમેલ સર્વિસને મેસેજના સિમ્પલ એક્સચેંજની સાથે ખુબ દુર લઈને જાય છે. આઉટલુકની સાથે વધારો ફાયદો એ છે કે તે આઉટલુક કેલેન્ડરની સાથે પૂર્ણ રીતે ઈન્ટીગ્રેટેડ છે. આના કારણે મિટિંગ્સના કોર્ડિનેશન માટે કેલેન્ડર શેયર કરી શકાય છે. તે ઈન્ટીગ્રેશન આઉઈટલુક કોન્ટેક્ટસ સુધી રહે છે. તે માઈક્રોસોફ્ટ ઓફિસ સ્યુટની જેમ તેના એક હિસ્સા તરીકે છે. આને સ્ટેન્ડ અલોન ઓફિસ ૨૦૧૬ અથવા તો સબસ્ક્રિપ્શન આધારિત ઓફિસ ૩૬૫ તરીકે ખરીદી શકાય છે. આવી જ રીતે ઈન્કીમાં પણ અનેક પ્રકારની સુવિધા રહેલી છે. આ ઈમેલ ક્લાઈન્ટ સિક્યોરિટી પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે છે. તે એઆઈ, મશીન લર્નિંગ અને કોમ્પ્યુટર વિજન એલ્ગોરિદમ્સનો ઉપયોગ કરીને દરેક પ્રકારના ફિશિંગ એટેક્સને રોકે છે. તે ક્લાઈન્ટ ઈન્ટરનલ અને એક્સટર્નલ બંને ઈમેલને સ્કેન કરે છે. સાથે સાથે ફિશિંગના પ્રયાસોના સંબંધમાં માહિતી એકત્રિત કરે છે. ઈમેલ સર્વિસને સુરક્ષિત રાખવા માટે આનો ઉપયોગ કરી શકાય છે. આધુનિક સમયમાં કેટલાક ઈમેલ ક્લાઈન્ટ ખુબ ફાયદાકારક અને સમય બચાવવા માટેનુ કામ કરે છે. મેલ ઓફ વિન્ડો ૧૦ની વાત કરવામાં આવે તો પણ તેના અનેક ફાયદા રહેલા છે.




બિઝનેસ વર્લ્ડમાં આઉટલુક ખુબ લોકપ્રિય તરીકે છે. પરંતુ આઉટલુક પણ કેટલાક હોમ યુઝર્સ માટે ફિટ રહેતા નથી. આવી સ્થિતીમાં વિન્ડોઝમાં લ્ટિ ઈન લાઈટવેટ ઈમેલ ક્લાઈન્ટ આઉટલુક એક્સપ્રેસ રજૂ કરવામાં આવે છે. આમાં સતત ફેરફાર કરવામાં આવ્યા છે. માઈક્રોસોફ્ટના ડેસ્કટોપ ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનમાં આ મેલ ઓફ વિન્ડોઝ ૧૦ કહેવામાં આવે છે. કોઈ પણ વિન્ડો યુઝર માટે મેલ ફોર વિન્ડોઝ ૧૦ ક્લાઈન્ટ એક શાનદાર વિકલ્પ તરીકે છે. તેના ઉપયોગને વધારી દેવામાં હાલના યુઝર પ્રયાસ કરી રહ્યા છે. ઈનબોક્સ હમેંશા વ્યવસ્થિત રહે છે કે કેમ તેને લઈને હમેંશા ચર્ચા રહે છે.

# જીવન એ તો કુરુક્ષેત્ર છે કેટલીક વખત નાછૂટકે આપણા પોતાના માણસો સામે લડવું પડે છે

**સાચી વાતમાં ગુસ્સે થયા વગર સામા માણસને સમજવાનો પ્રયાસ કરીએ તો ખોટા વાદ વિવાદને ટાળી શકાય, આપણે કોઈ પણ ક્ષેત્રમાં હોઈએ ત્યાં કામ કરતાં લોકો વચ્ચે કોઈને કોઈ બાબત અંગે ઘર્ષણ થતું રહેવાનું છે**

જીવન વ્યવહારમાં આપણે ભિન્ન ભિન્ન પ્રકૃતિના અનેક માણસો સાથે પરિચયમાં આવીએ છીએ. માનવીની કેટલીક સ્વભાવગત નબળાઈઓ અને ઊણપો હોય છે. કોઈ માણસ સંપૂર્ણ નથી. દરેક માણસનો સ્વભાવ ગમો અણગમો અને જીવન જીવવાની અને કાર્ય કરવાની રીત અલગ અલગ હોય છે. એટલે કેટલીક વખત આવી પ્રકૃતિના માણસો વચ્ચે સંઘર્ષ અનિવાર્ય બની જાય છે. પરંતુ સમજદાર માણસ આની એક મર્યાદા બાંધી લે છે. અને બને ત્યાં સુધી આ પ્રકારનાં વાદ વિવાદમાં ઊતરતો નથી. વિચારો જુદા જુદા હોય છે ત્યારે મતભેદ ઊભા થાય છે. અને આ પ્રકારનાં મતભેદો પરસ્પર સમજૂતીથી ઉકેલી શકાય છે. પરંતુ મનભેદ ઊભાં થાય ત્યારે જલ્દીથી ઉકેલી શકાતા નથી.

આમ જોઈએ તો આપણે અનેક બાબતો જે આપણા ચોકઠામાં બેસતી ન હોય તે અંગે વિરોધ અને અણગમો વ્યક્ત કરતા રહીએ છીએ. કેટલીક વખત આ વિરોધ સીધો હોય છે તો કેટલીક વખત આડકતરો હોય છે. વિરોધ અનેક પ્રકારે થાય છે. રોષથી કે મેણું મારીને, સામા માણસને ન ગમતી વાત કરીને અથવા તેના મર્મસ્થાન પર ઘા કરીને અણગમો વ્યક્ત થતો હોય છે. ચાલાક માણસો સમય અને સંજોગો જોઈને મનમાં રહેલા રોષને બહાર કાઢે છે અને ન કહેવાનું કહી નાખે છે. પણ વિરોધનો પ્રતિભાવ ઊભો ન થાય તો વિરોધ બુઠ્ઠો બની જાય છે. આપણી સામે થતા વિરોધને ટીકાને આપણે કોઈપણ જાતના પ્રતિભાવ નહીં આપીને મહાત કરી શકીએ. સાચી વાતમાં ગુસ્સે થયા વગર સામા માણસને સમજવાનો પ્રયાસ કરીએ તો ખોટા વાદ વિવાદને ટાળી શકાય. આપણે કોઈ પણ ક્ષેત્રમાં હોઈએ ત્યાં કામ કરતાં લોકો વચ્ચે કોઈને કોઈ બાબત અંગે ઘર્ષણ થતું રહેવાનું છે. કારણ કે બધા માણસોનો સ્વભાવ સરખો હોતો નથી. માણસને ક્યાંક ને ક્યાંક ઘા લાગી જાય છે. કેટલીક વખત એકનો ગુસ્સો બીજા પર ઊતરે છે. કેટલીક વખત જૂની વાતો અને જૂના પૂર્વગ્રહો મનમાં રહેલા હોય છે એટલે કાંઈક બહાનું મળી જતા રોષ પ્રજ્વલિત બને છે. કેટલાક માણસો એવા હોય છે જેઓ પુરુ સમજ્યા વગર વાત વાતમાં મિજાજ ગુમાવે છે. તેમને ગમે ત્યારે આડુ પડી જાય. તમે તેને માટે સારી વાત કરવા જાઓ તો પણ પાછાં પડવું પડે. કેટલાક લોકો આડું જોવા માટે ટેવાયેલા હોય છે. તેમને ગમે તેટલું સારું થયું હોય પરંતુ ખોડખાંપણ કાઢ્યા વગર ચેન પડતું નથી. કુટુંબ, સમાજ કે કોઈ પણ ક્ષેત્રમાં જ્યાં આપણે કામ કરતા હોઈએ ત્યાં બિનજરૂરી વિરોધ ટીકા નિંદા



થી દૂર રહેવું જોઈએ. આ બધી બાબતોને પોતપોતાની મર્યાદા હોય છે. કેટલાક માણસો માત્ર ઈશારાથી સમજી જાય છે. તો બીજા કેટલાક એવા માણસો હોય છે જેઓ એક કાનેથી સાંભળે છે અને બીજા કાનેથી કાઢી નાખે છે. વિરોધ ટીકા નિંદા સહન કરવાની દરેકની સ્વાભાવિક મર્યાદા હોય છે. કેટલાક લોકો બહુ ટચી હોય છે. જરાક અમથું કોઈ કહે તો તેમને ખોટું લાગી જાય. સ્ત્રી હોય તો આંખમાંથી આંસુ પડવા માંડે. આ પ્રકારની વ્યક્તિઓ પછી તે વાતને ભૂલે નહીં અને મનમાં ને મનમાં એ વાતને ઘુમાવ્યા કરે અને પોતે જાતે દુઃખી થાય અને બીજાને દુઃખી કરે. આવી બધી વાતો જલદીથી ભૂલી જવી જોઈએ. તેમાંથી સારું જોવાનો પ્રયાસ કરવો જોઈએ. દોષનો ટોપલો પોતાના પર ઢોળી દેવાની જરૂર નથી. દરેક બાબતને સાચી રીતે સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.આમ છતાં જ્ઞાની માણસો જીવનના પરમ સિદ્ધાંતોને સમજાવતા કહે છે કે સમાજમાં એવા કેટલાય માણસો હોય છે તેની સાથે બને ત્યાં સુધી સંઘર્ષમાં ઊતરવું નહીં, વિરોધ કરવો નહીં. વિરોધ કરીએ, આડા ઊતરીએ તો સરવાળે આપણને જ નુકસાન થાય.

માર્મિક રીતે કહીએ તો ગૃહિણીનો વિરોધ ન કરવો. એટલે કે ઘરમાં રસોઈ કરનારી સન્નારીનો વિરોધ ન કરવો. વાતવાતમાં તેને ટોકતાં રહીએ તો પરિણામ શું આવે તે સૌ કોઈ જાણે છે.બને ત્યાં સુધી ચલાવી લેવું. કાંઈ કહેવું હોય તો પ્રેમથી કહેવું.

મૂર્ખ માણસનો વિરોધ ન કરવો. તમે તેને ગમે તેટલું સમજાવશો તો પણ તેનો કોઈ અર્થ સરવાનો નથી. મૂર્ખ માણસો તમે કહો તેના કરતાં આડું કરવા ટેવાયેલા હોય છે. આવા માણસોને તમે ગમે એટલી સાચી સલાહ આપો. પરંતુ તેમને કશી અસર થશે નહીં.

જેની પાસે શસ્ત્ર હોય તેનો વિરોધ ન કરવો. હાથમાં રહેલું હથિયાર ક્યારે આપણી પર ત્રાટકે તેનો કોઈ ભરોસો નહીં. ગુસ્સામાં માણસ ગમે તે કરી બેસે. અખબારોમાં આપણે એવા કિસ્સાઓ જોઈએ છીએ. કોઈ માણસ ઝઘડતા બે માણસોને સમજાવવા જાય અને હુમલાનો ભોગ થઈ પડે. હુમલો કરનારને આવા માણસો સામે વેર હોતું નથી પરંતુ ક્ષણિક આવેશમાં તે ન કરવાનું કરી બેસે છે. મર્મીઓનો એટલે કે આપણો ભેદ જાણનારનો વિરોધ ન કરવો. વિરોધ કરીએ તો આપણી પોલ ખુલ્લી પડી જાય. આપણા રહસ્યો જે જાણતો હોય તેની આડા ઊતરવું નહીં. આડા ઊતરીએ તો તે આ શસ્ત્રથી આપણને દબાવ્યા કરે. કેટલીક વસ્તુઓ માણસ છુપાવતો હોય છે. કેટલાક ભેદભરમ હોય છે. આ ભેદ જાણનારા તમારું ઘણું બગાડી શકે છે. આબરૂની, માનની, મર્યાદાની સૌને કિંમત હોય છે. માણસની ભૂલ કેટલીક વખત થઈ જાય પરંતુ આ ભૂલને જાહેરમાં કબૂલ કરવાની હિંમત હોતી નથી એટલે તેને આ બધું છુપાવવું પડે છે. સમાજમાં કેટલાક લોકોને બીજાની આવી વાતો જાણવામાં રસ હોય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## ૨ વર્ષમાં મધ્યપ્રદેશના રસ્તા અમેરિકા કરતા સારા બનશે

# નીતિન ગડકરીએ મધ્યપ્રદેશને ૫૮૦૦ કરોડ રૂપિયાની ભેટ આપી


**મધ્યપ્રદેશ આ બાબતમાં ભાગ્યશાળી છે । રોડ કનેક્ટિવિટીને કારણે લોકો, ખેડૂતો અને ઉદ્યોગપતિઓનું જીવન બદલાઈ રહ્યું છે**

। ધાર, તા.૧૧ ।

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ૧૦ એપ્રિલના રોજ મધ્યપ્રદેશને એક મોટી ભેટ આપી. તેમણે ધાર જિલ્લાના બદનાવરમાં ૫,૮૦૦ કરોડ રૂપિયાથી વધુના ૧૦ રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે તેમણે કહ્યું કે માત્ર ૨ વર્ષમાં હું મધ્યપ્રદેશના રસ્તાઓને અમેરિકાના રસ્તા જેવા બનાવીશ. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે મુખ્યમંત્રી ડૉ. યાદવના નેતૃત્વમાં મધ્યપ્રદેશ સતત વિકાસ કરી રહ્યું છે. આ જોઈને સારું લાગે છે.વાસ્તવમાં, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ગુરુવારે ધારના બદનાવર પહોંચ્યા હતા. સભાને સંબોધતા તેમણે કહ્યું કે મને ખૂબ આનંદ છે કે મધ્યપ્રદેશ ખૂબ જ ઝડપથી વિકાસ કરી રહ્યો છે. કોઈપણ દેશના વિકાસ માટે ચાર બાબતો મહત્વપૂર્ણ છે. આપણે આને માળખાગત સુવિધાઓ કહીએ છીએ. આમાં પાણી, વીજળી, પરિવહન અને સંદેશાવ્યવહારનો સમાવેશ થાય છે. જ્યાં પણ આ ચાર બાબતો અસ્તિત્વમાં છે, ત્યાં ઉદ્યોગ અને વેપારનો વિકાસ થાય છે અને રોજગાર ઉપલબ્ધ થાય છે. જ્યાં રોજગાર ઉપલબ્ધ હોય છે, ત્યાં ગરીબી, ભૂખમરો અને બેરોજગારી દૂર થાય છે.







### મધ્યપ્રદેશને સમૃદ્ધ અને સુખી બનાવવાનું મિશન મુખ્યમંત્રી ડો. મોહન યાદવ સમક્ષ

